# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-01-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Tapi Governer And CM

76મા રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી આવતીકાલે તાપી જિલ્લામાં કરવામાં આવશે. આજે સાંજે વ્યારા ખાતે સાંજે રાજ્યપાલની અધ્યક્ષતામાં એટ હોમ કાર્યક્રમ યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વ્યારા ખાતે તાપી જિલ્લામાં 240 કરોડ રૂપિયાની યોજનાનું લોકાર્પણ કરશે. શ્રી પટેલ 124 કરોડ રૂપિયાના 20 કામોનું લોકાર્પણ અને 115 કરોડ રૂપિયાના 41 કાર્યોનું ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી પોલીસ હેડક્વાર્ટર ખાતે ગુજરાત પોલીસ એક્સ્પોનું ઉદઘાટન કરશે. દક્ષિણાપદ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે જેમાં રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# REPUBLIC DAY-REHEARSAL

નવસારીમાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી જલાલપોર તાલુકાના મટવાડના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરાશે. જેમાં પાણી પુરવઠા રાજયમંત્રી મુકેશ પટેલ ઉપસ્થિત રહેશે

દરમિયાન બનાસકાંઠામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાશે. જેને લઈને અંબાજી જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ કરાયું.

કચ્છ જિલ્લાના નખત્રાણાના રામાણી ગ્રાઉન્ડ ખાતે અધિક કલેક્ટર મિતેષ પંડ્યાની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું.

પંચમહાલના શહેરા અણીયાદ ચોકડી નજીક કેશવ મેદાન ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈને જિલ્લા કલેકટર આશિષ કુમારની ઉપસ્થિતમાં સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ યોજાયું.

આ ઉપરાંત મહેસાણા નજીક પાચોટ ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણીની લઈને યોજાયેલા રિહર્સલનું નિવાસી અધિક કલેકટર જે.કે જેગોડાએ નિરીક્ષણ કર્યું.

. . . . . . . . . . . . .

# Bhavna Chaudhary Republic Day

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ધાણાં ગામની દીકરી ભાવના ચૌધરીને દિલ્હી ખાતે આવતીકાલે યોજાનાર પ્રજાસત્તાક પર્વની પરેડ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ભાવનાબેને 2024ના પેરાલિમ્પિક્સમાં ભાલાફેંકની રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેમણે પોતાની પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યુ.

(BYTE--Bhavnaben Chaudhary)

. . . . . . . . . . . . .

# Prikal Shah Republic Day

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ કેવડી એજ્યુકેશન હબ ખાતે અભ્યાસ કરતી પ્રિકલ શાહ આવતીકાલે પ્રજાસત્તાક પ્રસંગે દિલ્લીના  કર્તવ્ય પથ પર પરેડ કરશે. પ્રિકલ શાહ દીવ કોલેજમાં એન.સી.સી માં સિનિયર છે અને તેઓ દિલ્હી ખાતે સિનિયર ઓફિસર તરીકે આવતીકાલની પરેડની પ્રથમ કતારમાં જ પરેડ પ્રદર્શન કરશે.

ઉલ્લેખનીય છે કે પ્રિકલ શાહની સૌરાષ્ટ્ર અને આઠ સૌરાષ્ટ્ર બટાલિયન ઝોન તથા કેન્દ્રશાસિત પ્રદેશની  એનસીસી કેડેટ સિનિયર ઓફિસર તરીકે પસંદગી કરાઇ છે.

. . . . . . . . . . . . .

# Jamnagar CM Awards

જામનગર જિલ્લા હોમગાર્ડ્ઝ કમાન્ડન્ટના નેતૃત્વ હેઠળ મુખ્યમંત્રી ચંદ્રક માટે મોકલવામાં આવેલા પાંચ નામો પૈકી એક મહિલા જિજ્ઞાસા બી. ગોપિયાણી અને બે અધિકારીઓ જયેશ એચ. રાણા અને પ્રધ્યુમનસિંહ એલ. ગોહિલની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા દ્વારા સમગ્ર હોમગાર્ડ્ઝ પરિવાર વતી તમામને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# National Voters Day

આજે વિવિધ જિલ્લાઓમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં શિક્ષા સદન ભવનમાં યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય સચિવ અમિત સિંગલા, ચૂંટણી અધિકારીઓ અરુણ ટી અને આશિષ મોહન હાજર હતા.

આહવા  ખાતે ઇન્ચાર્જ કલેક્ટર બી.બી.ચૌધરીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રંસગે નવા મતદારોને EPIC કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લાનો કાર્યક્રમ ચોટીલા ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે. સી. સંપટનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો.

. . . . . . . . . . . . .

# Padmshri Hirbai Lobi

પદ્મશ્રી હીરબાઈ બેન લોબીનું માંદગી બાદ અવસાન થયું છે. આફ્રિકાથી ગીરમાં સ્થાપિત થયા બાદ સીદી આદિવાસી સમાજની મહિલા અને બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે હિરબાઇબેન લોબીને વર્ષ 2023માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા હતા. પ્રસ્તુત છે અમારા પ્રતિનિધીનો અહેવાલ

(વોઈસ કાસ્ટ – રાજેશ ભજગોતર, ગીરસોમનાથ)

. . . . . . . . . . . . .

# ARVALLI E-SEWA LOKARPAN

અરવલ્લી જિલ્લાની ધનસુરા અદાલત ખાતે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એ.એન.અંજારિયાએ ઇ-સેવા કેન્દ્રનું લોકાર્પણ કર્યું. આ ઈ-સેવા કેન્દ્ર પેપરલેસ હશે જેથી કોઈપણ પ્રકારની પ્રિન્ટિંગ સુવિધા વગર વિવિધ સેવાઓનો લાભ મળશે. આ વિશે વધુ માહિતી આપતા મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એ.એન.અંજારિયાએ આ મુજબ જણાવ્યું..

(બાઈટ - એ.એન .અંજારિયા (પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ અરવલ્લી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

……………………………….